**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે મકાઈ અને ચણા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણની તાલીમનું આયોજન કરી બિયારણની કીટ વિતરણ કરવામાં આવી**

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેકટ ઓન ઇન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ અને આદિવાસી મહિલા તાલીમ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ **મકાઇ અને ચણા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ** વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ અને કીટ વિતરણ પ્રોગ્રામ નું આયોજન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં ડૉ. સી. જે. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂત બહેનોને વાકેફ કર્યા, તેઓશ્રી એ મકાઇ અને ચણા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને પ્રવાહી જૈવિક ખાતરની ઉપયોગીતા તેમજ વાપરવાની રીત વિશે સમજ આપી, ડૉ. ઈ. એચ. પંડયા રિસર્ચ એસોસીએટ એ મકાઈના મૂલ્યવર્ધન વિશે માહિતી આપી, ડૉ. એચ. એન. ચૌધરી ખેતી અધિકારીએ ચણા પાકમાં સંકલિત રોગ જીવાત નિયંત્રણ વિશે માહિતી આપી. કાર્યકમના અંતે મકાઇ અને ચણા પાકના બિયારણનું તેમજ રાયઝોબિયમ, એઝોટોબેકટર અને ટ્રાઈકોડર્મા નું વિતરણ કરવામાં આવેલ. આ એક દિવસીય તાલીમ વર્ગમાં ગરબાડા તાલુકા આંબલી અને વડવા ગામના કુલ ૩૦ મહિલા ખેડૂત બહેનોઓએ ભાગ લીધો હતો.

આ એક દિવસીય તાલીમનું સંપૂર્ણ સંકલન શ્રી ડી. જે. ગોહિલ ખેતી મદદનીશ, શ્રી વિ. જે. મોરી ખેતી મદદનીશ અને સપના એસ. મુનીયા, યંગપ્રોફેશનલ દ્વારા કરવામાં આવેલ હતું.








